Rotary

# ROYAL RESONANCE

THE MAGIC OF ROTARY

An Official Bulletin of Rotary Club of Bhavnagar Royal

Club No. 82068 | RI District 3060 ▪ Issue No. 10 | April : 2025

**Rtn. Stephanie A. Urchick** – Rotary International President
**Rtn. Tushar Shah** – District Governor
**Rtn. Harikrishna Parekh** – President
**Rtn. Viral Bhavsar** – Secretary
**Rtn. Nirav Doshi** – Bulletin Editor
**Rtn. Gaurav Rathod** – Design

### ચાર્ટડ ડે નિમિતે વિવિધ સેવાકિય પ્રવૃત્તિઓ અને પ્રોજેક્ટ્સ

## ફ્રી સર્વ રોગ નિદાન કેમ્પ





મિત્રો, રોટરી રોયલ ના ૧૭ માં ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે રોટરી રોયલ ક્લબ ના જ નિષ્ણાત સુપર સ્પેસીયાલીટી ડોક્ટરો ના સહયોગ થી મેગા સર્વ રોગ નિદાન કેમ્પ નું ૨૦ એપ્રિલ ના રોજ અયોજન કરવામાં આવ્યું હતું. આ સર્વ રોગ નિદાન કેમ્પ માં અંદાજિત ૫૦૦ કરતા પણ વધુ લોકો એ મેડીકલ તપાસ અને ચેક અપ કરાવ્યું હતું અને જરૂરી માર્ગદર્શન મેળવ્યું હતું. ભાવનગર જિલ્લા માં સૌ પ્રથમ વાર આવા મોટા મેડીકલ કેમ્પ નું આયોજન થયું હતું જેની નોંધ સમગ્ર ભાવનગર માં લેવાઈ હતી. રોટરી રોયલ ના આ સેવા યજ્ઞ માં DG શ્રી તુષારભાઈ ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. સમગ્ર કેમ્પ માં વેન્યું પાર્ટનર શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ રહ્યું હતું.

## મેગા બ્લડ ડોનેશન કેમ્પ

મિત્રો, રોટરી રોયલ ના ૧૭ માં ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે મેગા બ્લડ ડોનેશન કેમ્પ નું આયોજન ૨૦ એપ્રિલ ના રોજ શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ ખાતે કરવામાં આવ્યું હતું. મિત્રો જણાવતા આનંદ થાય છે કે આ બ્લડ ડોનેશન કેમ્પ માં ક્લબ મેમ્બર્સ, ક્લબ ના ડોક્ટરો અને અન્ય સહયોગીઓ ના સપોર્ટ થી આપણે ૩૫ બોટલ જેટલું બ્લડ એકત્રિત કરી ભાવનગર સિવિલ હોસ્પિટલ ને અર્પણ કર્યું હતું. મિત્રો, દરેક રક્તદાતા ને રિટર્ન ગીફ્ટ ક્લબ મેમ્બર રો. અમિતભાઈ દરિયાની તરફ થી આપવામાં આવી હતી.




50th Blood Donation by Dr. Maulik Parikh

ભાવનગર જીલ્લામાં સર્વપ્રથમ અને એકમાત્ર ISO 9001:2015 સર્ટીફાઈડ ડેન્ટલ ઈમ્પ્લાન્ટ કલીનીક

26 થી વધારે વર્ષોના અનુભવી

**ડો. એસ. એ. ચૌહાણ**

B.D.S. (Gold medalist), F. F.O.R. (Switzerland)
Implantologist (Switzerland)
Advance implantology (HARVARD DENTAL SCHOOL, USA)
C.C Endodontics (Germany) Regd. No. A-2009



**ડૉ. ચૌહાણ ડેન્ટલ એન્ડ ઈમ્પ્લાન્ટ કલીનીક**

12/13, ગ્રાઉન્ડ ફ્લોર, વર્ધમાન અરાઈઝ, કાળુભા રોડ, જીતુભાઈ વાઘાણીની ઓફિસની બાજુમાં, ભાવનગર. ફોન : 0278-2515007 મો. 942 943 7777 / 942 645 4479
bhavnagardentist@gmail.com | www.bhavnagardentist.com

## ટાયફોડ વિરોધી ફ્રી રસીકરણ કેમ્પ

મિત્રો, રોટરી રોયલ ના ૧૭ માં ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે આયોજીત સેવા યજ્ઞ માં રોટરી રોયલ દ્વારા જરૂરીયાતમંદ લોકો ને ટાઈફોઈડ વિરોધી રસી તદ્દન નિશુલ્ક આપવામાં આવી હતી. આ કેમ્પ માં અંદાજિત 30 જેટલા દર્દીઓ એ નિઃશુલ્ક રસી નો લાભ લીધો હતો.

## શેક્ષણીક સ્કૉલર શીપ

મિત્રો, ધોરણ ૧૧&૧૨ સાયન્સ માં અભ્યાસ માં મદદ રૂપ થવાના હેતુ થી આર્થીક રીતે જરૂરિયાતમંદ એક સ્કોલર વિદ્યાર્થીની ને દત્તક લઇ ને ભાવનગર ની શ્રેષ્ઠ શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ માં અભ્યાસ માટે શૈક્ષણિક સહાય કરવામાં આવી હતી. ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે રોટરી રોયલ દ્વારા DG શ્રી તુષારભાઈ ની હાજરી માં આ ઉમદા સેવા કાર્ય સંપન્ન કરવામાં આવ્યું હતું. આમ પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ એ રોટરી નો પાયાનો સિદ્ધાંત " service above self" ખરા અર્થમાં સાર્થક કર્યો હતો.



## રોટરી નો છાંયડો

મિત્રો, રોડ સાઈડ બેસી ને વેપાર કરતા નાના નાના વેપારીઓ માટે રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ દ્વારા ઉનાળા ના અસહ્ય તડકા થી બચવા અને ગરમી સામે રક્ષણ આપે તે માટે ની વિશેષ છત્રીઓ નું વિતરણ તા - ૨૭ એપ્રીલ ને રવીવાર ના રોજ કરવામાં આવ્યું હતું. સૂર્ય પ્રકાશ અને ગરમી થી રક્ષણ આપતી આ વિશેષ છત્રીઓ ના ભાવનગર શહેર માં વિતરણ દરમ્યાન મોટી સંખ્યામાં માં ક્લબ મેમ્બર્સ જોડાયા હતા. રોટરી રોયલ ના આ ઉમદા સેવા કાર્ય ની ભાવનગર માં સારી એવી નોંધ લેવાઈ હતી.

## નિઃસહાય બાળકો ને ભોજન

મિત્રો, રોટરી રોયલ દ્વારા ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે આ વર્ષે નવી પહેલ ની શરૂવાત કરવામાં આવી છે જેમાં ભાવનગર શહેર ના "તપીબાઈ વિકાસ ગૃહ" અને "નંદકુંવરબા બાલશ્રમ" ના થઈને કુલ ૧૧૦ બાળકો ને સ્વાદિષ્ટ ભોજન કરવામાં આવ્યું હતું. મિત્રો, આ ઉમદા ભોજન કાર્ય માં ક્લબ મેમ્બર્સ રો. ભવનેશભાઇ તરફ થી મીઠાઈ નો સહયોગ પ્રાપ્ત થયો હતો. મીઠાઈ સાથે નું ભોજન કરતાં બાળકો ને જોઈ ને પ્રેસિડેન્ટ રો. હરિભાઈ ની આંખો ભીની થઈ હતી.

## ફ્રી ડેન્ટલ નિદાન કેમ્પ

મિત્રો, રોટરી રોયલ દ્વારા ચાર્ટડ ડે ની ઉજવણી માં ખાસ ડેન્ટલ ચેક અપ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું હતું આ કેમ્પ માં ક્લબ ના મેમ્બર્સ ડોકટરો સાથે ડો. ધ્રુવિબેન ના સહયોગ થી તા. ૨૨ એપ્રિલ થી ૨૮ એપ્રિલ સુધી સાપ્તાહિક નિઃશુલ્ક તપાસ , નિદાન, સારવાર નું આયોજન કરવામાં આવ્યું હતું.

## રોટરી રોયલ ફેમિલી બોક્સ ક્રિકેટ







મિત્રો, ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે મેમ્બર્સ અને પરીવાર ના સભ્યો માટે ખાસ બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવ્યું હતું. પહેલી વાર જ  oction method ( હરાજી પદ્ધતિ) થી વિવિધ કલબ મેમ્બર્સ ની વિવિધ ટીમો માં વહેચણી કરવામાં આવી હતી.  આ ફેમીલી બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ માં વિવિધ ક્રિકેટ પ્રેમી મેમ્બર્સ ઓ એ માલીક તરીકે પોતાની ટીમો સ્પર્ધા માં ઉતારીને ભાગ લીધો હતો.  આ સાથે સ્પાઉસ અને બાળકો ની પણ ટીમો માં એક સરખી વહેચણી કરી વિવિધ ટીમો વચ્ચે મેચ રમાડવામાં આવી હતી. વિવિધ લીગ મેચ, ક્વાટર ફાઇનલ , સેમી ફાઇનલ બાદ high voltage ફાઇનલ મેચ  creav eatable( મંથનભાઈ) અને શ્રી જ્ઞાન ગુરુ વિદ્યાપીઠ ( મનહરભાઈ) ની ટીમ વચ્ચે રમાઇ હતી જેમાં રો. મનહરભાઈ ની શ્રી જ્ઞાનગુરુ વિદ્યાપીઠ નો ભવ્ય વિજય થયો હતો. મિત્રો, ખુબ જ આનંદ ની વાત એ છે કે બોક્સ ક્રિકેટ માં પણ DG શ્રી તુષારભાઈ અને નેહલ ભાભી હાજર રહ્યા હતા અને બોક્સ ક્રિકેટ નો આનંદ માણ્યો હતો. ટુર્નામેન્ટ ના વિજેતાઓ ને એવોર્ડ , મેડલ અને શીલ્ડ થી સન્માનીત કરવામાં આવ્યા હતાં. આ બોક્સ ક્રિકેટ સાથે બધા લોકો એ સ્વાદિષ્ટ ભોજન અને એક પારિવારિક ફેલોશિપ નો આનંદ માણ્યો હતો અને રાત્રી ના ૧૨ કલાકે કેક કટિંગ કરી ને ચાર્ટડ ડે ની ઉજવણી પૂર્ણ કરી હતી.

## આભાર વિધિ - અભિવાદન - ઋણ સ્વીકાર

૧૭ માં ચાર્ટડ ડે ની ઉજવણી ના ભાગ રૂપે રોટરી રોયલ દ્વારા કરવામાં આવેલા સેવા યજ્ઞ માં તમામ સહયોગીઓ નો પ્રેસિડેન્ટ રો. હરિભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ સહહૃદય આભાર માન્યો છે.ભાવનગર માં યોજાયેલા મેગા મેડિકલ કેમ્પ માં સેવા આપવા બદલ આપણી ક્લબ ના તમામ ડોક્ટર મિત્રો અને તેમના સ્પાઉસ નો હૃદય થી આભાર વ્યક્ત કરીએ છીએ અને કેમ્પ ની સફળતા બદલ શુભેચ્છા પાઠવી એ છીએ. મેડીકલ કેમ્પ માટે ના સફળ અયોજન માટે સ્થળ તરીકે પોતાની શાળા આપવા બદલ રો. મનહર ભાઈ નો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.બોક્સ ક્રિકેટ ના ટીમ ઓનરો અને venue partner રો. કલ્પેશ ભાઈ પટેલ નો પણ આભાર. તપીબાઇ વિકાસ ગૃહ અને બાલાશ્રમ ના વિદ્યાર્થીઓ ના ભજન માં મીઠાઈ ના સહયોગ માટે રો. ભવનેશ ભાઈ નો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.બોક્સ ક્રિકેટ ના oction ( હરાજી) ની તૈયારી માં મદદરૂપ ટેકનિકલ ટીમ નો પણ આભાર માનીએ છીએ. આ સાથે ચાર્ટડ ડે ના દિવસે આખો દિવસ સાથે રહીને પ્રોત્સાહિત કરવા બદલ DG શ્રી તુષારભાઈ અને નેહલભાભી નો પણ આભાર માનીએ છીએ. મિત્રો સમગ્ર ચાર્ટડ ડે ની વિશેષ ઉજવણી માટે જેમનું માર્ગદર્શન મળ્યું છે તેવા ક્લબ ના તમામ સિનિયર મેમ્બર્સ - હોદેદારો અને શુભેચ્છકો નો પણ અમો આભાર વ્યક્ત કરીએ છીએ અને આનંદ ની લાગણી અનુભવીએ છીએ. સમગ્ર ચાર્ટડ ડે ના દિવસે તમામ પ્રોજેક્ટ્સ ને સફળ બનાવવા બદલ તમામ ક્લબ મેમ્બર્સ નો ખરા દીલ થી આભાર વ્યક્ત કરીએ છીએ.  આ સાથે અત્રે જો કોઈ નો આભાર માનવામાં ચૂક રહી ગઈ હોય તો અમોને દરગુજર કરશો.

## વર્ક પ્લેસ મિટિંગ

મિત્રો, ચાલુ રોટરી વર્ષ દરમ્યાન ચાલી રહેલ વર્ક પ્લેસ મિટિંગ શ્રેણી અંતર્ગત એપ્રિલ મહીના માં એક અલગ જ વર્ક પ્લેસ મિટિંગ નું અદભૂત અયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ની વર્ક પ્લેસ મિટિંગ શ્રેણી માં એપ્રિલ મહીના માં પ્રથમ એવી નોન રોટરીઅન મેમ્બર ને ત્યાં મિટિંગ નું આયોજન કરાયું હતુ.ક્લબ મેમ્બર્સ રો. વૈભવ ભાઈ ના પ્રયત્નો થી તેમના જ મીત્ર ની "વિજય મિકેનિકલ એન્જિનિયરિંગ વર્ક ચિત્રા GIDC ભાવનગર ની ફેકટરીની મુલાકાત લેવા માં આવી હતી જ્યાં તેમના તદન અલગ અને જીવન રક્ષક નવા સફેઓન પાવર પ્યોરિફાયાર ઇલેક્ટ્રિકલ મશીન નો અભ્યાસ કરવામાં આવ્યો હતો.  ખુબ જ મોટી સંખ્યામાં આ યુનિક મશીન સમજવા માટે કલબ મેમ્બર્સ હાજર રહ્યાં હતાં.  ૪૪૦ વોલ્ટ ના ઇલેક્ટ્રિક કરંટ સામે આ મશીન કઈ રીતે જીવ બચાવે છે તેના ડેમોસ્ટ્રેશન માટે ક્લબ પ્રેસિડેન્ટ રો. હરી ભાઈ સર્વે પ્રથમ આગળ આવ્યા હતા અને ઇલેક્ટ્રિક ના બે જીવતાં વાયર પકડી લીધા હતા અને પોતાનો જીવ દાવ પર લગાવી મશીન ની શોક પ્રૂફ કામગીરી અંગે નું ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ક્લબ પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ ની ક્લબ પ્રત્યે ની લાગણી અને સાફેઓન પાવર પ્યુરીફાયર મશીન ની શ્રેષ્ઠ કામગીરી જોઈ હાજર સર્વે મેમ્બર્સ ઓ એ સમગ્ર ઘટના ને તાળીઓ ના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. સેફ ઓન મશીન ના ડેમોસ્ટ્રેશન બાદ સર્વે ક્લબ મેમ્બર્સ ઓ એ ફેક્ટરી ની મુલાકાત લીધી હતી .અંત માં સર્વે મેમ્બર્સ ઓ એ સાથે ભોજન લીધું હતું. અંત માં પ્રેસિડેન્ટ રો.હરી ભાઈ અને સેક્રેટરી રો. વિરલ ભાઈ એ સર્વે મેમ્બર્સ નો આભાર માન્યો હતો તેમજ વિજય મિકેનિકલ એન્જિનિયર વર્ક ની ટીમ નો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. આ સાથે રો. વૈભવ ભાઈ નો પણ આવી નોન રોટેરિયન મીત્ર ને ત્યાં વર્ક પ્લેસ મિટિંગ ના અયોજન બદલ વ્યક્તિગત આભાર માન્યો હતો.

### રેગ્યુલર મિટીંગ :

**રેગ્યુલર કલબ મિટિંગ**

**તા -0૯/0૪/૨૫ , બુધવાર**

**સમય :- ૮:30**

**સ્થળ: - honest restaurant**

**તા - ૧૬/0૪/૨૫, બુધવાર**

**સમય - ૮:30**

**સ્થળ -: જ્ઞાનગુરુ વિદ્યાપીઠ એજન્ડા - બોક્સ ક્રિકેટ ઓકશન**

**તા - 30/0૪/૨૫ , બુધવાર**

**સમય - ૮:30**

### Birthday & Anniversary

#### April Birthday

- રો. સલીલ જોશિપુરા - ૧ એપ્રીલ
- રો. ભાવિન શાહ - ૫ એપ્રીલ
- રો. ભાવનેશ મહેતા - ૮ એપ્રીલ
- રો. વિપુલ ઠક્કર - ૧૧ એપ્રીલ
- રો. વર્ધમાન શાહ - ૧૨ એપ્રીલ
- રો. જગદીશ પાઠક - ૧૩ એપ્રીલ
- રો. અનિલ સોલંકી - ૧૪ એપ્રીલ
- રો. નરેન્દ્રસિંહ ચૌહાન - ૧૭ એપ્રીલ
- રો. હરેન ઠક્કર - ૧૭ એપ્રીલ
- રો. હરેશ પંડ્યા - ૨૧ એપ્રીલ
- રો. આશિષ શાહ - ૨૭ એપ્રીલ
- રો. મિહિર મણીયાર -૨૮ એપ્રીલ

#### April Anniversary

*રો. મહેન્દ્ર છાટબાર - ૧0 એપ્રીલ

*રો. હરેન ઠક્કર - ૧૧ એપ્રીલ

*રો.ડો.સંજીવ રવિસાહેબ-૨૫ એપ્રીલ

*રો. પૌરવ ભટ - ૨૮ એપ્રીલ

*રો. ડો. દીપક સાબુ -૨૯ એપ્રીલ

AAPKA BRANDING PARTNER

Advertising | Designing | Printing
Hoarding I Social Media Marketing | Cinema Ads
Radio Ads I Corporate Films

M. 9825 46 6969 / 9825 26 2929
Email : vivekadvertisers@gmail.com

VIVEK® ADVERTISERS